# હા... સાહેબ !

"જોયું ને..?! બે આતંકી યુવાનો કેવા પકડાઈ ગયા..?!"

"ખરૂ છે હોં..!! ખોટું ના લગાડો તો કહું..?!"

"હા...હા... કહો તમે તારે બેધડક... આપણે તો ખુલ્લા દિલની ખુલ્લી ચર્ચા કરીએ છીએ..!!"

"સાહેબ..! આતંકવાદીને કડકમાં કડક સજા થવી જોઈએ..!! આતંકવાદી કોઈપણ ધર્મ કે જાતિનો હોય પણ આતંકવાદી એ આતંકવાદી જ છે..!! એ વાત સાથે તમે-હુ અને આપણે બધાં જ સહમત છીએ..! પણ... દર વખતે ચૂંટણી આવે અને આતંકવાદી પકડાય..!! સુતળી બોંબ પકડાય... હથિયારો પકડાય.... એટલે..."

"હા...આ... એ તો કાગને બેસવુ ને ડાળને પડવા જેવું છે... એમાં બીજુ કાંઈ નથી હોં..!! તમને તો બધામાં શંકા જ જાય છે..!!"

"ના...રે...ના..! અમારે વળી શંકા કરીને કરવાનું શું..?! પણ દર વખતની જેમ આવા જ દશ્યો ઉભા થાય છે... એટલે આ ચર્ચા નીકળી... ૨૦૦૨ હોય... ૨૦૦૭ હોય... કે ૨૦૧૨ હોય..!!"

"એવું કાંઈ છે નહિ... વાત સાચી છે... તમારા મનના વહેમ કાઢી નાંખો..! ચૂંટણી હોય એટલે આતંકવાદીઓને પકડવાના નહિ..?! આતંકવાદી પ્રવૃત્તિને ડામવાની નહિ..?! ગેરકાયદેસર હથિયારો જપ્ત નહિ કરવાના..?! તમારે ઠીક છે.... હાંકે રાખવાનું છે..!!"

"સાહેબ... કોઈ નવી નવાઈનું રાજ નથી ચાલતુ... વર્ષો સુધી ચાલ્યુ છે ને ચાલશે..! નહેરુજી પણ કૃપલાણીજીને સાંભળતા હતાં..! ઈન્દિરા ગાંધી વાજપેઈજીને સાંભળતા હતાં..! અને સાંભળતા'તા જ એટલું નહિ... એમને માન-સન્માન ને મોભો આપતા હતા..!! વાંચજો ઈતિહાસ..!!"

"ઓ...હો...હો..! તમે તો ઈતિહાસ ને ભુગોળ ઉપર પહોંચ્યા..! આજનું નાગરિક શાસ્ત્ર ભણો... નાગરિક ધર્મ અદા કરો..! અમારા સાહેબના આવતીકાલના શમણામાં જોડાઓ..! સ્ટાર્ટ અપ ઈન્ડિયા... સ્વચ્છતા અભિયાન... જેવા અનેક પ્રકલ્પો અમે લઈને આવ્યા છીએ... વિકાસનો એક સ્પષ્ટ નકશો લઈને આવ્યા છીએ... ઉજ્જવળ આવતીકાલનો માર્ગ લઈને આવ્યા છીએ..! એ સમજો અને એમાં જોડાઈ જાઓ..!!"

"હં...અ... તમને તો ભાષણ કરવાનું તો ખુબ સારૂ આવડે છે..! શબ્દોના શણગારથી આંજી નાખવામાં તમારી માસ્ટરી છે સાહેબ..!! અને એ તો હું નહિ, દુનિયા આખી સ્વીકારે છે..! પણ માત્ર ભાષણોથી ભુખ ભાંગતી નથી..!!"

"હા... તમારે તો ટીકા કરવાની એટલે કરવાની જ..! સારૂ હોય કે ખોટુ હોય..! માત્ર ભાષણની વાત ના કરો..! ભવ્યતાની વાત કરો..! ત્રણ વરસ પહેલાના ફોટા જોજો અને આજના જોજો... તમને ફરક લાગે તો ચર્ચા કરજો... અને ફરક ના લાગે તો મારે કંઈ કહેવાનું નથી..!!"

"સાચુ કહુ..?! રાજકારણમાં બધાંજ પક્ષો પ્રજાને ભરમાવવાનો પ્રયાસ જ કરતાં હોય છે..! બીજા શબ્દોમાં કહીએ તો ઉલ્લુ જ બનાવે છે..!! પણ પ્રજા તરીકે આપણો ધર્મ છે... કે માત્ર એક-બે દિવસના ભાષણો નહિં... પણ પાંચ વરસની કામગીરીનું સાચુ સરવૈયું જોઈને મત આપીશુ..!! તો ભરમાવવાવાળા કે લલચાવવાવાળાના હાથ હેઠા પડશે..!! અને અમારી સોસાયટીએ તો નક્કી કર્યું જ છે કે..! અને તમે પણ..!!"

- નિમિત્ત માત્ર



ગાંધીનગરના પાલજ ગામે દિવાળીના દિવસથી લાભ પાંચમ સુધી 'ફુલોના ગરબા' યોજાય છે. આ ગરબાને લાકડામાં બનાવી કાગળના રંગબેરંગી ફુલોથી સજાવવામાં આવે છે અને શ્રદ્ધાળુઓ તેને ખભે ઉંચકી ગરબા રમે છે. મોટે ભાગે આ ગરબા કોઈને કોઈ બાધા-માનતા પૂરી કરવા માટે રાખવામાં આવ્યાં હોય છે. લાભ પાંચમની સાંજે જ્યારે પાલજના મહાકાળી માતાના મંદિરે જ્યારે આ તમામ ગરબા વળાવવા આવી પહોંચ્યા હતા ત્યારે હારબંધ ફુલોના ગરબાને કારણે મનોરમ્ય દશ્ય ખડુ થવા પામ્યુ હતુ.

# બેંકોના ખાતાઓમાં થતી લેવડદેવડ પર પણ ચૂંટણી પંચ નજર રાખશે

ગાંધીનગર, તા. ૨૬

બેંક કાતાઓની લેવડ-દેવડ પર પણ ચૂંટણી પંચ પોતાની નજર રાખશે અને એક લાખથી વધુ રકમના ઉપાડને લઈ ચકાસણી પણ કરવામાં આવશે તેમ અધિક નિવાસી કલેક્ટર એચ.એન. જાડેજાએ આજે જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે રૂ. એક લાખ કે તેથી વધુ રકમના ઉપાડ થશે ત્યારે બેંક દ્વારા તેની જાણ અને ખાતા વિશેની જાણકારી જિલ્લા તંત્રને આપવાની રહેશે.

ખર્ચ પરના નિયંત્રણને લઈ અત્યંત આગ્રહી ચૂંટણી પંચે આ બાબતને લઈ ખાસ સૂચનાઓ પણ જારી કરી હોવાનું તેમણે જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે ઉમેદવારે તેના ખર્ચ માટે અલાયદુ ખાતુ બેંકમાં ખોલાવવાનું રહેશે. આ ઉપરાંત ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તેમના પરિવારજનોના ખાતામાંથી પણ મોટી રકમની લેવડ-દેવડ જણાશે તો તે અંગે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવશે.

જાડેજાએ જણાવ્યુ હતુ કે ખર્ચ માટે અલાયદા નિરીક્ષક પંચ દ્વારા મુકવામાં આવશે પરંતુ હિસાબોની ચકાસણી અને અન્ય બાબતોને લઈ એક ખાસ ટીમ પણ બનાવવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેના મુખ્ય નોડલ અધિકારી રહેશે અને તેમના વડપણ હેઠળ ખર્ચ નિયંત્રણ અંગેની સમગ્ર ટીમ કાર્ય કરશે. આ માટેના જરૂરી તમામ હુકમો કરી દેવાયા છે એટલુ જ નહિ ટીમના કર્મચારીઓએ પણ તેમની નવી ફરજ અંગેની તૈયારીઓ આરંભી દીધી છે.

સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારના ખર્ચ માટે રૂ. ૨૮ લાખની મર્યાદા નિયત કરવામાં આવી હોવાનું પણ તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ. આ સુધારો ૨૦૧૪માં અમલી બન્યો હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

## ફરજમાં બેજવાબદાર ગાંધીનગર જિલ્લાના

# ચિલોડા પીઆઈ અને કલોલ ટાવર ચોકી ઈન્ચાર્જ જમાદાર સસ્પેન્ડ

**તહેવારોમાં બેફામ દારૂની હેરાફેરી થઈ : આરઆરસેલે જે ગાડીઓ પકડી તે તમામ એક જ રૂટ પરથી આવતી હોવાનું ખુલ્યુ : રેન્જના બે પીઆઈ, એક પીએસઆઈ અને ચાર જમાદાર સસ્પેન્ડ : પ્રાંતિજના ચાર જમાદારની આંતરીક બદલીઓ : રેન્જ આઈજીપીનો સપાટો**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર રેન્જ આઈજીપીની સ્કવોર્ડ આરઆરસેલે અઠવાડિયામાં સાતથી આઠ વાહનો વિદેશી દારૂ-બિયરની હેરાફેરી કરતા પકડ્યા પરંતુ સ્થાનિક પોલીસ કોઈ કારણોસર નિષ્ક્રીય જ રહેતી દેખાઈ હતી. તે ઉપરાંત પકડાયેલા મોટાભાગના વાહનો એક જ રૂટ પરથી આવતા હોવાનુ ખુલતા રેન્જ આઈજીપી મયુરસિંહ ચાવડાએ આજે સપાટો બોલાવ્યો છે. ગાંધીનગર જિલ્લાના ચિલોડા પીઆઈ સહીત રેન્જમાં બે પીઆઈ, એક પીએસઆઈ અને ચાર જમાદારને સસ્પેન્ડ કરી કડક કાર્યવાહી કરતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સ્પેન્સન ઉપરાંત પ્રાંતિજના ચાર જમાદારોની જિલ્લામાં આંતરીક બદલીઓ પણ કરવામાં આવી છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી એમ.એ. ચાવડાના જણાવ્યાનુસાર ગાંધીનગર જિલ્લાના ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.આઈ. એલ.ડી. વાઘેલા (તાજેતરમાં જ રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનીત થયા છે) ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તે ઉપરાંત કલોલ ટાવર ચોકી ઈન્ચાર્જ જમાદાર સંજય પટેલને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના આ બે અધિકારી કર્મચારી

● અનુસંધાન પાન-૩ પર

# પરમીટથી વેચાતા દારૂ પર પણ પંચની બાજનજર રહેશે

ગાંધીનગર, તા. ૨૬

પરમીટથી વેચાતા દારૂ પર પણ દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે એક ખાસ નોડલ ઓફિસર નિયુક્ત કરવામાં આવશે. તેમ અધિક નિવાસી કલેક્ટર એચ.એન. જાડેજાએ આજે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યુ હતુ કે ચૂંટણી પંચના નિર્દેશ પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે અને આજે સાંજે અથવા સવાર સુધીમાં નોડલ ઓફિસર નિયુક્ત કરી દેવામાં આવશે.

દારૂની પરમીટ ધરાવતા લોકોજ લીક્ટ શોપમાંથી ખરીદતા દારૂ પર નજર રાખવામાં આવશે. તેમની પરમીટનો દુરૂપયોગ તો નથી થતો ને તેની ચકાસણી કરવામાં આવશે. આ માટે નશાબંધી અને આબકારી વિભાગના જ અધિકારીને નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવનાર હોવાના સંકેત પણ તેમણે આપ્યા હતા.

ચૂંટણીના દિવસોમાં દારૂની થતી રેલમછેલને અટકાવવા અને દારૂબંધીના કાયદાના અસરકારક અમલીકરણની સંદર્ભમાં પંચે આ નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત ગેરકાયદે દારૂના ધંધાર્થીઓ સામે પણ પગલાં લેવા માટેની તંત્રને અલગથી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# નવા સચિવાલય સંકુલમાં નવુ ઈલેક્ટ્રીક સબ સ્ટેશન બનાવાશે

**વિજભારણને બે ભાગમાં વહેંચવા માટે સબ સ્ટેશનનુ કામ હાથ ધરાશે : અંદાજિત ૪ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૨૫

નવા સચિવાલયમાં નવુ ઈલેક્ટ્રીક સબ સ્ટેશન બનાવવાનુ કામ હાથ ધરાશે. ત્રણ દાયકાના અંતે વિજભારણને બે ભાગમાં વહેંચવા માટે જુના કેબલ પણ બદલી નવુ સબ સ્ટેશન ઉભુ કરાશે. નવા સબ સ્ટેશન પાછળ અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ કરાશે. વિજભારણ વધતા લોડને ધ્યાને લઈ નવા સ્ટેશનની કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે.

શહેરના સેકટરોમાં વધતી વસતી અને વિકાસના લીધે વિજપ્રવાહ જરૂરિયાત વધી છે. આકરી ગરમીના દિવસોમાં સેકટરોમાં વિજળીનો ઉપયોગ વધતા ટ્રેપીંગની ફરિયાદોનુ પ્રમાણ પણ વધ્યુ છે. આકરી ગરમીમાં પણ કેબલ કામ અન્વયે સેકટરોમાં ખોદકામ કરવાની ફરજ પડે છે. જયારે સચિવાલય સંકુલમાં પણ અનેકવિધ કચેરીઓ ધમધમી રહી છે. જયારે સમય જતા સચિવાલયના બિલ્ડીંગમાં પણ વિજ પ્રવાહ વધારવાની જરૂરિયાત ઉભી થઈ છે. છેલ્લા ત્રણ દાયકાથી પણ વધુ સમયથી નવા સચિવાલય સંકુલમાં ઈલેક્ટ્રીક સબ સ્ટેશનને અપગ્રેડ કરવાની કામગીરી કરવામાં આવી

● અનુસંધાન પાન-૩ પર

# એસ ટી તંત્રની ટીમે બસ સ્ટેન્ડ પર રાજકીય લખાણ દુર કરવા કુચડો માર્યો

ગાંધીનગર તા ૨૬

વિધાનસભાની ચુંટણી જાહેર થતા આચારસંહિતાના અમલના લીધે તંત્ર દ્વારા શહેરમાં ઠેર ઠેર લગાવાયેલા બોર્ડ અને હોર્ડીંગ્સ ઉતારવાનુ અભિયાન હાથ ધરાયુ છે. ગઈકાલે મહાનગરપાલિકા તેમજ માર્ગ મકાન વિભાગ દ્વારા પણ આ પ્રકારના રાજકીય હોર્ડીંગ્સ દુર કરાયા હતા. જયારે આજે એસ ટી તંત્ર દ્વારા બસ સ્ટેન્ડ પર કુચડો ફેરવી દેવાયો હતો.

વિધાનસભાની ચુંટણીની જાહેરાતના અંતે આચારસંહિતાનો કડક અમલ કરવા માટે કામગીરી શરૂ કરી દેવાઈ છે. શહેરમાં અત્યાર સુધી ઠેર ઠેર રાજકીય પ્રચાર પ્રસાર કરતા હોર્ડીંગ્સની ભરમાર જોવા મળતી હતી. શહેરના મુખ્યમાર્ગો તેમજ સર્કલો સહીત બસ સ્ટોપ આસપાસના વિસ્તારમાં પણ હોર્ડીંગ્સ જોવા મળી રહયા હતા. જયારે છેલ્લા બે દિવસથી તંત્ર દ્વારા બોર્ડ દુર કરવાની કામગીરી હાથ ધરવામા આવી છે. ગઈકાલે પણ શહેરના વિવિધ સેકટરોમાથી આ પ્રકારના હોર્ડીંગ્સ ઉતારી લેવાયા હતા. પાટનગર યોજના ભવનની ટીમ પણ કામે લાગી હતી. જયારે આજે એસ ટી તંત્રના ઈન્સપેકટરો પણ આ માટે કામે લાગ્યા હતા. એસ ટી તંત્રની બે ટીમ આજે બોર્ડ હોર્ડીંગ્સ દુર કરવા કામે લાગી હતી. આ દરમિયાન ગાંધીનગરથી અડાલજ રૂટમાં સ્થિત બસ સ્ટેન્ડ પર દર્શાવાયેલા રાજકીય લખાણ પર કુચડો લગાવી દેવાયો હતો. ચીમ દ્વારા ૨૦ જેટલા હોર્ડીંગ્સ પણ દુર કરાયા હતા.


નૂતન વર્ષાભિનંદન...



ત્રિવેદી અશોકકુમાર જે.
(પત્રકાર, ગાંધીનગર સમાચાર)
ત્રિવેદી દીપીકા એ.
(મો. : ૯૪૨૬૫૨૫૮૨૧)
પ્રેરણા ● રાજદેવ ● હલક
ત્રિવેદી પરિવાર
રહેઠાણ : મેજર સાહેબનું ફાર્મ, મુ. મોટાચેખલા, તા. તલોદ, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૫

:: હાર્દિક અભિનંદન ::



રવિરાજસિંહ સુરેન્દ્રસિંહ જાડેજા
આપને પોલિસ અધિક્ષક (એસ.પી.) તરીકે બઢતી મળતા સાથે ઉત્તરો ઉત્તોર પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ
:: શુભેચ્છકો ::
લક્ષ્મણસિંહ પરમાર (જય સાબર મોડાસા) તંત્રી
ધનશ્યાબા લક્ષ્મણસિંહ પરમાર
નેહલ પરમાર (M.SC), પ્રિન્સી પરમાર(B.E Civil)
પાર્થરાજસિંહ પરમાર(D.E Civil), સુર્યપ્રતાપસિંહ પરમાર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૯૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

નૂતન વર્ષાભિનંદન...
ગણેશ મેટલ ઇન્ડસ્ટ્રીઝ
એલ્યુમિનિયમ સર્કલ અને વાસણો બનાવનાર
સલાટપુર ચાર રસ્તા, ઉમિયા માતાના મંદિર પાસે, તા. તલોદ, જિ. સાબરકાંઠા

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૫૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૨૬૦૯૫
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૯૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૯૭૯૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

નૂતન વર્ષાભિનંદન...
રમણભાઈ સાંમળભાઈ પટેલ (BTC)
રાજ કમલ ક્વોરી વર્કસ
ગ્રીટ, કપચી મેટલના ઉત્પાદક તથા વિક્રેતા
મુ.પો. આંત્રોલી વાસ દોલજી, તા. તલોદ, જિ. સાં.કાં.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com